# જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## જૈન તીર્થોની ભવ્ય ગાથા- વ્યાખ્યાન માળા

### વ્યાખ્યાન – ૧૨ બિહાર અને ઝારખંડના તીર્થો-૧

**વ્યાખ્યાતા- શ્રી અર્પિતભાઈ શાહ**
**તારીખ – ૦૪/૦૩/૨૦૨૩**

બિહાર ની ભૂમિમાં એવી એવી કલ્યાણક ભૂમિ હતી જે કાલ પ્રવાહમાં વિચ્છેદ પામી હતી નષ્ટ પામી હતી આજે કોઈ આપણને કહે કે અષ્ટાપદ તિર્થની યાત્રાએ જવું છે કાં તો લોકો આપણને ગાંડા સમજે કાં તો લોકો વિચાર કરે કે આની પાસે હવે હવે કંઈ કામ બચ્યું નથી અને આપણે સહજ રીતે એવું વિચારી લઈએ કે અહીં યાત્રા ન કરીએ તો પણ ચાલે આપણે ભાવથી એ જગ્યાના દર્શન વંદન કરી લેશું. પણ એક ભાગ્યશાળી એવા હતા કુમાર નાહટા એમનું નામ હતું. લલિતકુમાર નાહટા હતા એમનું નામ હતું એમના મનમાં એવા ભાવ આવ્યા કે અષ્ટાપદ મારા રિચની બહાર છે વિચાર દ્રષ્ટિની બહાર છે પણ બે એવા તીર્થો છે મિથિલા તીર્થ અને ભદીલપુરતીર્થ બધી જ તીર્થ આ બંને વિછેદ પામ્યા હતા અને આ બંને તીર્થોની શોધ કઈ રીતે કરવી અને ત્યાં બાકી લોકો પણ કલ્યાણક ભૂમિની યાત્રા કરે એ વિચારમાં એમણે 1993 માં આવ્યો એ વિચારમાં ને વિચારમાં એમણે આ બે તીર્થોની શોધ પણ કરી અને ત્યાં નવા તીર્થોની સ્થાપના પણ કરી. આજની શરૂઆત આપણે મીથીલા તીર્થથી કરીએ આ તીર્થ એમણે કઈ રીતે શોધ્યું અને દેરાસરનું ત્યાં નિર્માણ કરાવ્યું એની વાત કરીએ.

મિથિલા તીર્થ એટલે જ્યાં મલ્લીનાથ પરમાત્મા અને નમિનાથ પરમાત્માના ચ્યવન જન્મ દીક્ષા તથા કેવળ જ્ઞાન પરમાત્માના ચાર ચાર કલ્યાણકો 8 કલ્યાણકોની ભૂમિ જેવિચ્છેદ પામી ગઈ હતી એની શોધ શ્રી લલીતભાઈએ કરી. અને પ્રભુ શ્રી મહાવીર ભગવાનની છ છ ચાતુર માસ ભૂમિ નું સૌભાગ્ય આ તીર્થને મળેલું છે. સ્વાભાવિક રીતે મીથીલાની આપણને યાદ આવે

તો તો સીતા માતા જરૂર યાદ આવે એમની પણ જન્મભૂમિ રહી છે અને વીર પ્રભુ ના આઠમા ગણધર અકંપિત સ્વામીની પણ આ જન્મભૂમિ રહી છે. મિથિલા ના નામે પ્રાચીન જૈન શ્રમણોની શાખા મેથીલીયા શાખા. શ્રમણોની ઓળખાણ હતી. આ શાખાના તેઓ શ્રમણ છે એને બીલોન્ગ કરતા હતા. આ તીર્થ નેપાળ બોર્ડર પાસે એક સમયમાં આવ્યું હતું. 14 માં સેકામાં આચાર્ય શ્રીજીનપ્રભસૂરીશ્વરજી મહારાજ દ્વારા રચિત શ્રી વિવિધ તીર્થ કલ્પમાં એનો ઉલ્લેખ આપણને મળે છે એમાં એવું જણાવે છે કે આ તીર્થ રાજ્યમાં બાળગંગા અને ગંડકી નદીના સંગમના કિનારે જગઈ ગામમાં સ્થિત હતું. ત્યાં મલ્લીનાથ ભગવાન અને નમીનાથ ભગવાનના બે બે જિનાલય હતા. સીતામાતાની લગ્ન ભૂમિ રહી ચૂકી છે.

સંશોધકોએ જ્યારે આનું એનાલિસિસ કર્યું ત્યારે તેઓએ જાણ્યું કે આ જગઈ ગામ અત્યારનું જગદીશપુર નામ છે જે સીતા મઢીની નજીક છે. આજે વૈદિક માન્યતા પણ એ જ માને છે કે સીતામઢી એ ગામ છે જ્યાં પરમાત્મા સીતા માતા નો જન્મ થયો હતો .તો તે રીતે આની શોધ થઈ. 17મી સદીમાં પંડ્યા શ્રી વિજય સાગર જી મહારાજ અને અઢારમી સદીમાં સૌભાગ્ય વિજયજી મહારાજ પણ અહીં પધાર્યા હતા. તેમણે પોતાની ચૈત્ય પરિપાટીમાં ઉલ્લેખ કર્યો હતો કે અહીં જૈનો ની વસ્તી હતી જ નહીં અને ત્યાં માત્ર ને માત્ર પરમાત્માના ચરણ પાદુકાઓ બિરાજમાન હતા. એ ચરણ પાદુકા કાલનતરે ભાગલપુર લઈ જવામાં આવ્યા. આજે પણ ભાગલપુર રેલવે સ્ટેશન ની ઠીક સામે શ્વેતાંબર જીનાલય છે અને તે એમાં આ બંને ચારણ પાદુકાઓ બિરાજમાન છે એના આપણે દર્શન કરી શકીએ છીએ. એ સમયમાં માત્ર ચરણ પાદુકા હતા અને જૈનોની વસ્તી ન હતી એટલે આ તીર્થ વિચ્છેદ પામ્યું હતું. તો આ બધા જ પુરાવો ને પુરાવાઓને ધ્યાનમાં રાખીને લલીતભાઈએ આ તીર્થનો પુનરોદ્ધાર કર્યો. અને અહીં બે માળનું દેરાસર બનાવ્યું. નેપાળ બોર્ડર સમીપ સીતા મઢી ગામમાં ડુગરાળ માર્ગ ઉપર આ તીર્થ નું નિર્માણ થયું. બે માળનું સરસ મજાનું જીનાલય થયું અને નીચેના ભાગમાં મલીનાથ ભગવાન અને ઉપર નમીનાથ ભગવાન એવી સરસ મજાની રચના કરી. 2015માં મહેન્દ્ર સાગર જી મહારાજ એ આની અંજન વિધિ થઈ અને હાલમાં 2020 માં જ ખતર ગચ્છના વીર સાગરજી મહારાજ તથા આચાર્યશ્રી વિનયસાગરજી મહારાજ તપાગચ્છના આ બંને

આચાર્ય દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા થઈ. આ જિનાલયની ખાસિયત છે કે તમે દેરાસર ની અંદર પ્રવેશ કરો તો તમને કોઈ પણ જાતની તકતી કે કોઈપણ ગચ્છ સમુદાયનું નામ નહીં દેખાય લલિતકુમારજીનો હેતુ હતો કે જિનાલય ની અંદર કોઈપણ પ્રવેશ કરે ત્યારે ત્યારે એનું ધ્યાન આ બધી બાબતો પર ના જાય માત્રને માત્ર તેનું ધ્યાન પરમાત્મા તરફ હોય. તો એમને એવો સરસ મજાનો વિચાર આવ્યો કે ગર્ભ ગૃહ માત્ર ને માત્ર એક પ્રતિમાજી અને ચારે તરફ ચરણ પાદુકા હોય, બીજી કોઈ પણ પ્રતિમાનું તેમણે નિર્માણ નથી કર્યું જે વ્યક્તિ બીજે ક્યાં લઇ જાય એ માત્ર ને માત્ર પરમાત્માની અંદર ઉતરે તે જ આશયથી તેઓએ આ દેરાસર બનાવ્યું. અહીં રંગ મંડપથી પરમાત્માનું ગર્ભ ગૃહ દેખાય છે. આગળમાં ચાર ડેરીઓ છે એમાં ચાર ચરણ પાદુકાઓ બિરાજમાન છે અને અંદર ગર્ભારામાં માત્રને માત્ર મૂળનાયક પરમાત્મા બીજી કોઈ પણ પ્રતિમા બિરાજમાન કરવામાં આવી નથી એટલે આપણું ધ્યાન મૂળ નાયક પરમાત્મા ઉપર જ રહે સ્થિર રહે. અહીં બંને પરમાત્માના આપણે દર્શન કરી શકીએ છીએ.

ભદ્દીલપુર તીર્થ ની વાત કરીએ તો, આ તીર્થ ની શોધ પણ લલિતકુમાર નાહટા એ કરી હતી. આ તીર્થ એટલું અદભુત તીર્થ છે જ્યારે પણ આપણે સંસારિક જીવનથી થાકી ગયા હોઈએ અને જ્યારે પણ આ તીર્થમાં જવાનું થાય અત્યારે મન એટલું સરસ પરમાત્મામય બની જાય છે અને એટલા સરસ નૈસર્ગીક વાતાવરણમાં આ તીર્થ છે એટલે આ તીર્થની યાત્રા કરવા આપણા સૌએ અવશ્ય જવું જોઈએ. શીતલનાથ પરમાત્મા ની ચાર ચાર કલ્યાણક ભૂમિ આ રહી ચૂકી છે ,મહાવીર સ્વામીના બે બે ચાતુર્માસ થયા હતા મિથિલા ની જેમ આ અદભુત ભૂમિ કાલનતરે નાશ પામી હતી. લોપ થઈ ગયો હતો અને લાસ્ટ જો આપણને એનો ઉલ્લેખ ક્યાંય પ્રાપ્ત થાય છે તો સૌભાગ્ય વિજયજી મહારાજાની તીર્થ માલામાં તેનો ઉલ્લેખ મળે છે જેમાં તેઓએ લખ્યું છે કે ગયાથી ૧૬ કોષ દૂર 48 કિલોમીટર દૂર દતારા નામના ગામમાં આ તીર્થ સ્થિર છે. એની બાજુમાં એક પર્વત હતો પર્વતની ગુફાની અંદર એ પાશ્વનાથ ભગવાનની ભગવાનની એકમાત્ર પ્રતિમા હતી બાકી કોઈપણ જીન બીમ્બ ત્યાં નહોતું એવું આપણને લાસ્ટ

ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. આ બધા ઉલ્લેખોને ધ્યાનમાં રાખીને લલિતકુમાર આ ગ્રંથોને આધારે આ ભૂમિને શોધ કરી.

ફાલ્ગુ નદીના કિનારે કુંડલ નામના ગામમાં જેનું પ્રાચીન નામ ભદ્દીલપુરહતું અને કાલાંતરે અપભ્રંશ થતા ગોંડલ નામ થયું અને આજે ગયા થી 50 કિલોમીટર છે અને માત્ર ફાલ્ગુ નદીના કિનારે સરસ મજાનું નાજુક નયન રમ્ય નાજુક દેરાસરનું એમણે નિર્માણ કર્યું. 2014માં મહેન્દ્રસાગરજી દ્વારા અંજન શલાકા પ્રતિષ્ઠા વિધિ કરાવી. આ નદીની ખાસિયત એ છે કે એનું જે પાણી છે એ ભૂમિના નીચે વહે છે ઉપર જુઓ તો પાણી એકદમ ઓછું દેખાય તો પણ રેતીમાં અગર ખાડો કરો તો પાણીની ધારાઓ જોવા મળે એટલે વૈદિક માન્યતા એવી છે સીતા માતાએ આ નદીને શ્રાપ આપ્યો હતો એટલે આનું પાણી ભૂમિની નીચે વહે છે. તો ક્યારેક આપણને વિચાર થાય કે પરમાત્મા મહાવીર સ્વામી ભગવાન આ ભૂમિ ક્યારે ચાલ્યા હશે, નીચે રેતી હશે ફાલ્ગુ નદી ના કિનારે પ્રભુ ક્યારેક ધ્યાનમાં રહ્યા હશે. એક સમય કેવો હશે કેવું સરસ મજાનો માહોલ હશે એ માત્ર વિચાર કરતા કરતા આપણે તો આપણને ખાસ મન થાય કે આવી દિલપુર સરસ મજાની પ્રાચીન ભૂમિમાં આપણે અવશ્ય જવું જોઈએ એમાં મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાન ની સુંદર હસમુખી પ્રતિમાના દર્શન કરીએ અને એથી મનનો બધું જ થાક ઉતરી જતો હોય એવો એક આભાસ થાય સરસ મજાની દિવ્ય મનોહર શીતલ નાથ ભગવાનની પ્રતિમાના આપણે દર્શન કરીએ. અહીં પણ મિથિલા તીર્થની જેમ બીજા કોઈ પણ માત્ર મૂળનાયક પરમાત્માના દર્શન થાય ચાર કલ્યાણકોની સ્મૃતિ ચરણ પાદુકાઓ બિરાજમાન છે અધિષ્ઠાયક દેવદેવીઓની પ્રતિમાઓ બિરાજમાન છે. અને આ જિનાલયમાં પણ કોઈ તકતી  સમુદાયનું નામ નથી. આ લલિતજીની સોચ હતી અને આ સોચ પ્રમાણે તેમને આ બંને તીર્થોનું નિર્માણ કર્યું હતું. મિથિલાનું જે સ્થાપત્ય હતું એ સેમ સ્થાપત્ય આપણને અહીં જોવા મળે છે. અહીં તેઓએ ધર્મશાળા આદિ બહુ સરસ વ્યવસ્થા રાખી છે. સમય હોય ત્યારે આ બધી ર્તિર્થની યાત્રા કરવા અવશ્ય જવું જોઈએ રાજગીરી પાવાપુરી આ બધા તીર્થોની સ્પર્શના આપણે કરતા હોઈએ છીએ ત્યારે આપણે આવા તીર્થ મિસ કરી દેતા હોઈએ છીએ .

આ તીર્થથી નજીક જ કોલહુવા પર્વત છે જેનો ઉલ્લેખ સૌભાગ્ય વિજયજી મહારાજે કર્યો હતો એમની ચૈત્ય પરિપાટીમાં. તેમણે વાત કરી હતી કે ગુફાની અંદર માત્ર ને માત્ર પાશ્વનાથ ભગવાનનું એક બીમ્બ છે. આ ભૂમિનું પ્રાચીન નામ સાહેતુક વન હતું અને આજ ભૂમિ ઉપર શીતલનાથ ભગવાન નું કેવળ જ્ઞાન થયું હતું પહાડ ઉપર ચડવાથી સીડી વાળો રસ્તો છે અને જ્યાં સીડીઓ ખતમ થાય છે ત્યાં કુલેશ્વરી દેવીનું મંદિર છે એ હિંદુ માન્યતા છે પણ જૈન માન્યતા પ્રમાણે એ અધીષ્ઠાયિકાદેવી છે શીતલનાથ પ્રભુની, અને એની બાજુમાં એક ગુફા છે એની અંદર 20 તીર્થંકર પરમાત્મા ની પ્રાચીન પ્રતિમાઓ ઉત્કિરણ થયેલી છે. લોકલ લોકો એને ભૈરવની જેમ પૂજે છે પણ આપણે જ્યારે પણ જઈએ ત્યારે એના દર્શન અવશ્ય કરવા જોઈએ. માતાના મંદિરની આગળ કોઈ રસ્તો નથી તેની ઉપર પહાડમાં ચટ્ટાન છે એ ચડીએ તો સૌથી ઊંચી જે શીલા છે તેના ઉપર શીતલનાથ પરમાત્મા ના પ્રાચીન ચરણ પાદુકાઓ બિરાજમાન છે અને એ માન્યતા છે કે એ જ જગ્યાએ પ્રભુનું કેવળ જ્ઞાન થયું હતું. સ્થાનીય પ્રજા એને વિષ્ણુની અવતરણભૂમિ માની ને પૂછે છે એનાથી થોડા પણ નીચે આવીએ છીએ તો શીતલનાથ ભગવાનના વિશાળ ચરણ પાદુકા ના દર્શન થાય છે. જોગીબાબાઓ એ જગ્યામાં સાધના કરે છે. આ ચરણ પાદુકાની આસપાસ બેસીને સાધના કરે છે અને તેઓનું માનવું છે કે અહીં ધ્યાન કરવાથી એનો લાભ ઘણો ઉત્કૃષ્ટ મળે છે અને હજી થોડા નીચે ઉતરતા જે ગુફા નો ઉલ્લેખ અને જે પાશ્વનાથ પરમાત્મા નો ઉલ્લેખ સૌભાગ્ય વિજયજીમહારાજાએ કર્યો હતો એ ગુફા આવે છે અને એમાં પાશ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે . 2017 માં આ પ્રતિમાને ચોરી થવાના ત્રણ પ્રયાસો પણ થયા પણ પ્રતિમા ચોરાઈ નહીં ચોથી વાર જ્યારે ચોરો આવ્યા ત્યારે તેમણે પ્રતિમા ને જોરથી ખસેડીને એક ખશેડવામાં પ્રતિમાનું જે ગળું હતું એ ધડથી અલગ થઈ ગયું એમાં ખૂબ બધી કોન્ટ્રાવસીસ થઈ ત્યારે ઝારખંડ સરકારે આબેહૂબ એક નવી પ્રતિમા નું નિર્માણ કર્યું જેનું નામ પાશ્વનાથ ભૈરવ નામ આપ્યું એ પણ પૂજવામાં આવે છે.

હવે આપણે પાટલી પુત્ર તીર્થની વાત કરીએ તો આ તીર્થનું નામ આવે તો આપણને પટના યાદ આવે. પટનાની ભૂમિ એટલે બિહાર રાજ્યની કેપિટલ ભૂમિ રાજધાની છે એનું જ્યારે

આપણને વિચાર આવે ત્યારે આપણને લાગે છે કે ત્યાં તો એવું કોઈ તીર્થ નથી પરંતુ એનો જે આગવો ઇતિહાસ છે એ વિશે આપણે જ્યારે વિચાર કરીશું અને જાણીશું તો પાટલી પુત્રને જૈન ધર્મ સાથે કેટ કેટલો સંબંધ છે તો આપણને આશ્ચર્ય લાગશે.

આ પાટલીપુત્ર તીર્થ એ સિદ્ધ ક્ષેત્ર છે ક્ષેત્ર એટલે જ્યાંથી કોઈ મુખ્ય જાય છે મોક્ષ એ જાય છે આ સિદ્ધ ક્ષેત્ર મુની શ્રી સુદર્શન ની મોક્ષભૂમિ રહી છે આપણે જેને કહેતા સુદર્શન શેઠ કહેતા એમની આ મોક્ષ ભૂમિ છે આ કામ વિજય તીર્થ છે કે જ્યાં આચાર્ય શ્રીસ્થુલી ભદ્ર સૂરીશ્વરજી મહારાજાની અહીં નિર્મળ બ્રહ્મચર્ય ની પાલનભૂમિ છે. આ જ્ઞાન તીર્થ છે અહીં પ્રથમ આગમ વાંચનાની એટલે કે સંકલન ની આ ભૂમિ હતી. તત્ત્વાર્થ સૂત્રની અહીં જ રચના થઈ હતી સાથે સાથે આ બિહાર ભૂમિ પણ છે આચાર્ય શ્રી ભદ્રબાહુ સ્વામી આચાર્ય શ્રી ઉમાસ્વાતિ આચાર્યશ્રી પાદલિપ્તસુરિ અને આચાર્યશ્રી સુહસ્તિ સૂરી જેવા યુગપ્રધાનોની આ વિતરણભૂમિ રહી છે. આવા યુગપ્રધાનો અહીં પધાર્યા હતા અને એમણે ધર્મ પ્રભાવના કરી હતી એટલે આ તીર્થ કેટલું ઈમ્પોર્ટન્ટ છે એ આપણે વિચારી શકીએ છીએ.

આ નગરની સ્થાપના મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણ પછી થઈ હતી. શ્રેણિક બીમ્બીસાર જે મહાવીર ભગવાનના ખાસ ભક્તહતા એમના પૌત્ર એટલે અજાત શત્રુ કોણીક ના પુત્ર ઉદાયન રાજા દ્વારા મગધની નુતન રાજધાની રૂપે સ્થાપના પામી હતી. પહેલા રાજધાની રાજગીરી હતી તેઓએ શિફ્ટ કરી પટના કરી પાટલી પુત્રને રાજધાની કરી. ગંગા નદીના કિનારે પોતાનો કિલ્લો બનાવ્યો. આનો ઉલ્લેખ આપણને વિવિધ તીર્થ કલ્પમાં પણ મળે છે એ સમયમાં નગરના 64 દરવાજા હતા એ ભવ્ય કિલ્લાની અંદર 570 બુર્જ હતા એ ની આસપાસ ત્રીસ હાથ ઊંડો ઊંડી અને 400 હાથ પહોળી ખાઈ હતી એ સમયની જાહોજાલી જલાલી વિશે આપણે વિચારી શકીએ છીએ અને એ સમયમાં ઉદયન રાજાએ નેમિનાથ ભગવાનના ચૈત્યનું નિર્માણ કરાવ્યું હતું. ઉદયન રાજાની એકમાત્ર પ્રતિમા પ્રાપ્ત થાય છે અને શિલાલેખમાં પણ બતાવે છે કે આ ઉદયન રાજાની જ પ્રતિમા જ છે જે ઇન્ડિયન મ્યુઝિયમ કલકત્તામાં સ્થિત છે.

આ પાટલીપુત્ર તીર્થ નું નામ કઈ રીતે પડ્યું એની પણ એક બહુ ઇન્ટરેસ્ટિંગ સ્ટોરી છે કે મોટી સંખ્યામાં અહીં ગુલાબની ખેતી થતી હતી. ગુલાબને પાટલી નું ફૂલ પણ કહેવાય એમાંથી અલગ અલગ પ્રકારના અત્તરો ઔષધીઓ અને વગેરેનું નિર્માણ થતું હતું સાથે સાથે વ્યાપાર પણ થતો હતો. ત્યારથી એનું નામ પાટલીના ફૂલ થી નામ પડ્યું પાટલીપુત્ર તીર્થ. કાલન્તરે એને અલગ અલગ નામથી ઓળખવામાં આવ્યું પાટલી ગ્રામ પાટલીપુત્ર પુષ્પાપુરા અજીમા બાદ અને પટના પટના નામ પણ પૈઠાણા ઉપરથી પડ્યું કેમકે શેરશાહ એ એનું નામ પઠાણા રાખ્યું હતું જે તેના મૃત્યુ પછી હેમચંદ્ર વિક્રમાદિત્ય દ્વારા બદલીને પટના કરવામાં આવ્યું અનેઆજ સુધી આ નામ ચાલતું આવ્યું છે. પટના રૂપે ફેમસ છે.

ઉદયન રાજાએ આ નગરની સ્થાપના તો કરી પણ એના બાદ નંદવંશ શરૂ થયો એના જે પ્રથમ રાજા હતા એ હતા મહાપદ્મનંદ. તેમણે ઓરિસ્સા પહેલા કલિંગ કહેવાતું હતું એના ઉપર વિજય મેળવી ત્યાંની કલિંગજીનની જૈન પ્રતિમાની પાટલીપુત્રમાં સ્થાપના કરી એ પ્રતિમા સુવર્ણની હતી એની સ્થાપના સુધરમાં સ્વામીજીએ કરી હતી કુમારી પર્વત ઉપર એ કલિંગનું રાજ પ્રતીક હતું એ કલિંગની પ્રતિમા ત્યાંથી લઈ અને પાટલીપુત્ર આવ્યા અને ત્યાં એની પૂજા કરતા હતા. એ પાટલીપુત્રમાં 5 જૈન સ્તૂપોની સ્થાપના કરી તેવા તેનો ગ્રંથમાં ઉલ્લેખ મળે છે. નંદોના શાસન બાદ સમ્રાટ ચંદ્રગુપ્ત દ્વારા મૌર્ય શાસનનું પ્રારંભ થયો. એ નંદ રાજાઓના નવમાં રાજા ના મંત્રી શકટાલ અને એના પુત્ર હતા આચાર્ય શ્રી સ્થુલીભદ્ર સુરીશ્વરજી. એમણે આચાર્ય શ્રી શંભુતિ વિજય સુરીશ્વર મહારાજા પાસે દીક્ષા ગ્રહણ કરી અને આચાર્યશ્રી ભદ્રબાહુ સ્વામી પાસે દ્વાદાશાંગીનો અભ્યાસ કર્યો અને જ્યારે મગધમાં 12 વર્ષ સુધી લાંબો દુષ્કાળ રહ્યો અને એના કારણે જૈન આગમો નીચે કંઠસ્થ રાખતી પરંપરા હતી ત્યારે લખાણમાં નહોતું કેમકે પ્રાયશ્ચિત આવતું ગુરુ મહારાજનું. તેથી મૌખિક પરંપરા ચાલતી હતી ગુરુ તેના શિષ્યોને આગમો આપે અને શિષ્ય તેના શિષ્યો આગમો આપતા અને એ જ ગુરુ શિષ્ય પરંપરા માં આગમો સંરક્ષિત રાખવામાં આવતા હતા પણ 12 વર્ષના 12 વર્ષના દુષ્કાળમાં એવી પરિસ્થિતિ સર્જાઈ કે ઘણા બધા ગુરુ ભગવંતોને આગમોની વાણી યાદ ના રહી ત્યારે આચાર્ય શ્રી સ્થુલીભદ્ર સૂરીશ્વરજી મહારાજે મગધમાં રહેલા જેટલા પણ જૈન શ્રમણો

હતા એ બધાને એકત્રિત કરીને 11 અંગો ને સુવ્યવસ્થિત કર્યા અને એ પાટલીપુત્ર વાંચનાને નામે પ્રખ્યાત પામી. તે આપણે જે આગમો ભણી શકીએ છીએ વાંચી શકીએ છીએ અને જિનવાણીનું શ્રવણ કરી શકીએ છીએ એ પાટલીપુત્ર નગરની ભૂમિ હતી આ નગરનો આપણા ઉપર  કેટલો ઉપકાર છે એ આપણે સમજી શકીએ છીએ.

પુરા તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો અહીં વર્ષો પહેલા 200 વર્ષ પહેલા લારજ સ્કેલ માં એક્સમલેશન થાય હતા ત્યારે ખબર પડી હતી કે લોહાણીપુર કુંહાર તથા બુલંદી બાગમાં ત્યાં ખોદકામ કરતા કરતા આખું નગર મળી આવ્યું. એમાં સરસ મજાના અવશેષો પ્રાપ્ત થયા એમાં મૌર્ય કાલીન મહેલના અવશેષો પણ પ્રાપ્ત થયા અને જૈન ધર્મના હિસાબથી અગર આપણે જોઈએ તો આજે વર્તમાનકાળમાં આરકીઓલોજીકલ દ્રષ્ટિથી સૌથી સૌથી પ્રાચીન પ્રતિમા કોઈ હોય તો એ પાટલીપુત્ર નગરમાં પ્રાપ્ત થઈ છે. એ મૌર્યકાલીન પ્રતિમા છે એ આજના સમયમાં આરકીઓલોજીકલ અને સ્કોલર્સ આને સૌથી જૂની દિન પ્રતિમા માનવામાં આવે છે અને લોહાણીપુર ટોરસો નામથી આ શિલ્પ ફેમસ છે. આની અંદર બહુ ફેમસ મૌર્યન પોલીશ કરવામાં આવી છે કે આજ દિવસ સુધી એની પોલીશ અકબંધ છે. થર્ડ બીસી ની પ્રતિમા છે એટલે સૌથી જૂનામાં જૂની પ્રતિમા છે.

વર્તમાન તીર્થની આપણે યાત્રા પ્રારંભ કરીએ તો એમાં સૌથી ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અને પ્રાચીન પટનાનું જિલ્લાને એટલે વિશાલનાથ સ્વામી જીનાલય છે જે પટનાના હાજીગંજ નામના વિસ્તારમાં આવેલું છે. આના પટનાના બે ભાગ છે પટના સીટી અને પટના સાહિલ. આ પટના સાહેલમાં સ્થિત છે મૂળ નાયક છે મહાવિદેહ ક્ષેત્રમાં વિહરમાન તીર્થંકર શ્રી વિશાલનાથ સ્વામી છે.17 મી સદીમાં આગ્રાના કુંવરપાલ સોનપાલ લોઢા અહીં પધાર્યા હતા. આ વિશાલનાથ ભગવાનની પ્રતિમાની સ્થાપના કરી હતી અને અન્ય ચાર જિન બીમ્બો પણ અહીં ભરાવ્યા હતા. આપણે એ પ્રતિમાના દર્શન કરી શકીએ છીએ. પાર્શ્વનાથ ભગવાનની પણ સુંદર નાજુક નમણી પ્રતિમા ના દર્શન આપણે અહીં કરી શકીએ છીએ. વર્તમાનમાં ગચ્છાધિપતિ રાજશેખર સૂરીશ્વરજી મહારાજના માર્ગદર્શન હેઠળ હાલમાં જ 2019માં આ જિનાલય નું ઉધાર કરવામાં

આવ્યો પ્રતિમાઓની ખાસિયત એ છે કે એમના મસ્તક ઉપર શિલાલેખ અંકિત કરવામાં આવ્યો છે એ સમયમાં મોગલ બાદશાહો ને એવું હતું કે એમના નામ પ્રતિમાની નીચે પબાસણમાં કેમ હોય એમનું માન સાચવવા માટે પરમાત્માના મસ્તક ઉપર એમના નામ કંડારવામાં આવતા હતા અને બીજું કારણ એ હતું કે એમના નામ જો મસ્તક ઉપર કંડારેલા હોય કોઈપણ મોગલ સેનાની તેના ઉપર આક્રમણ ન કરતું હતું. આપણા પ્રતિમાથી પણ તે સમયે સુરક્ષિત રહેતા હતા. આ પ્રતિમાન માં જહાંગીરનું નામ છે કાળના પ્રવાહ સાથે એ ખૂબ ઝાંખું થઈ ગયું છે. એમાં સંવત અને જહાંગીર બંને નું નામ ઉત્કિરણ કરેલું છે આ વિશાલનાથ ભગવાનનું મૂળનાયકની પ્રતિમા નો લેખ છે.

આ તીર્થની હજી એક ખાસિયત છે કે અહીં ત્રણ પ્રતિમાઓ એવી પ્રાપ્ત થઈ છે કે એ 1500 વર્ષથી વધારે પ્રાચીન ગુપ્તકાલીન પ્રતિમાઓ છે. એમાંથી ત્રણ પ્રતિમાઓ માંથી બે પ્રતિમા તો જે સંપૂર્ણ વસ્ત્રવાળી છે સવસ્ત્ર છે. આપણે શ્વેતાંબર પ્રતિમા માં જોઈએ તો સામાન્ય રીતે માત્ર કટીસૂત્ર કછોટો કંડારેલો હોય નીચે ના ભાગમાં તેનું વસ્ત્ર દેખાય ઉપરથી લઈને નીચે સુધી સંપૂર્ણ વસ્ત્ર ધારી પ્રતિમાઓ જોવા મળતી નથી. અહીં પાશ્વનાથ ભગવાન અને અભિનંદન સ્વામીની પ્રતિમાઓ સંપૂર્ણપણે સહ વસ્ત્ર છે. પાશ્વનાથ ભગવાનની પ્રતિમાઓ વચ્ચે વચ્ચે સ્થિત છે ધરણેન્દ્ર અને પદ્માવતી બંને હાથ જોડીલા છે એ સરસ મજાનું અંકન જોવા મળે છે. કયા સમયથી આ પ્રતિમાઓ અહીં પૂજાય છે એનો કોઈ ઉલ્લેખ આપણને પ્રાપ્ત નથી થતો પણ આ પ્રતિમાઓ ખૂબ જ પ્રાચીન છે કેમકે એનો જે શિલાલેખ છે એ 1500 વર્ષ પ્રાચીન છે પણ આ દેરાસરમાં એ ક્યાંથી આવી કેવી રીતે આવી એનો કોઈ પણ જાતનો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થતો નથી.

આમાં સંશોધકો અને ગુરુ ભગવંતો એક ખૂબ જ શંકા જતાવે છે અભિનંદન સ્વામીની જે પ્રતિમા છે એના માટે એક શંકા જાગે છે આ એક જૈન પ્રતિમા નહીં પણ એક બૌદ્ધ પ્રતિમા હોઈ શકે છે કેમકે પ્રતિમાના હાથમાં એક કટોરો છે અત્યારે આપણે ત્યાં તીર્થમાં જઈએ તો લોકો કહે છે કે પરમાત્મા ના હાથમાં બીજોરૂ છે પણ ધ્યાનથી જોઈએ તો એક કટોરો છે અને

નીચે જે લાક્ષણિક છે એ અભિનંદન સ્વામીનું છે લાંછન વાનર  છે અને એ વાનરના હાથમાં પણ એક કટોરો છે. બૌદ્ધ સંપ્રદાયમાં એવી માન્યતા છે કે કે વૈશાલી નગરમાં ગૌતમ બુદ્ધને એક વાનરે કટોરામાં મધ આપીને પારણું કરાવ્યું હતું. એની ઘણી બધી સ્ટોરી અને ઘણા બધા ઉલ્લેખ મળે છે એટલે ગુરુ ભગવંતોની એવી માન્યતા છે કે આ કદાચ એક બૌદ્ધ પ્રતિમા હોઈ શકે કેમકે  આની અંદર જેટલા પણ શિલ્પ લક્ષણો છે એ બધા બહુ જ છે એની અંદર માં એક શ્લોક પણ લખેલું છે એ પણ એક બૌદ્ધ શ્લોક છે એટલે એક એવી માન્યતા છે કે કદાચ આ પ્રતિમા જૈન નહીં પણ બહુ જ છે બૌદ્ધ હોઈ શકે.

આ પ્રતિમા ને આપણે ધ્યાનથી જોઈએ તો બીજી એની સાથે બૌદ્ધ પ્રતિમા છે એ બંને ને જોઈએ તો એ અત્યારે ઇન્ડિયન મ્યુઝિયમ કલકત્તામાં છે એને કમ્પેરેટિવલી જોઈએ તો એમાં ઘણી બધી સરખી છે. આ પ્રતિમાના મસ્તક ઉપર મુગટ અને હાર પણ છે પરિકરમાં જોઈએ તો બંને બાજુ પિરામિડ જેવા આકાર છે. આ બધા જે બૌદ્ધ શિલ્પમાં પ્રાયઃ જોવા મળતા હતા. ત્યારે એક એવી શંકા જાગે છે કે કદાચ આ બૌદ્ધ પ્રતિમા હોઈ શકે પણ આચાર્ય હેમ રત્ન સુરીશ્વરજી મહારાજ એ એમના પુસ્તકમાં લખેલું છે કે આ પ્રતિમા છે તો જૈન જ પણ એમાં બૌદ્ધ શિલ્પ કલાનો લક્ષણ વિદ્યમાન છે તત્વકેવલગમ્ય છે. પણ ઘણા ગુરુ ભગવંતો ના અલગ અલગ પ્રકારના બે મતો છે તત્વો કેવલી ગમ્ય છે પણ આપણે જ્યારે જઈએ ત્યારે શિલ્પ કલાની દ્રષ્ટિએ જોઈએ તો ખૂબ જ આગવી છે.

બીજી જે પ્રતિમા પ્રાપ્ત થઈ છે એ પાશ્વનાથ ભગવાનની પહેલા જોઈ અભિનંદન સ્વામીની આપણે જોઈ આ ત્રીજી ઋષભદેવ ભગવાનની સરસ મજાની પ્રતિમા પ્રાપ્ત થઈ છે. સામાન્ય રીતે પ્રતિમાની બંને તરફ ચામરધારી ઈન્દ્રો હોય છે પણ અહીં અહીં ચામરધારી ઈન્દ્રાણીઓ છે એટલે શિલ્પકલાની દ્રષ્ટિએ આ  એક નવી કળા કહી શકાય ઉપરમાં પરિકરમાં જોઈએ તો પુષ્પ માળા લઈને આવતા દેવો છે અને પરમાત્માનો નીચેનો જે ભાગ છે પભાસણનો એમાં ધર્મચક્ર અને ઋષભ કંડારેલા છે. આમાં એક વિશિષ્ટ વાત છે જે બીજા કોઈ પરિક્રરમા નથી જોવા મળી. એમાં બે હાથ બનાવેલા છે એમાં વચ્ચે ઢોલ છે દેવદ્દુદુનભી વગાડી રહ્યા છે એવું

સરસ મજાનું ચિત્ર અહીં અંકન થયું છે. દેવો નથી પણ માત્ર એના હાથો બનાવેલા છે. કલ્પવૃક્ષની પાંખડીઓ પણ છે. શિલ્પકલાની દ્રષ્ટિએ પણ આ અદભુત શિલ્પ છે.

આ દેરાસર ની અંદર બે વિશિષ્ટ શિલ્પો છે એક ત્રિશલા માતાની છબી આરસપહાણમાં એક સરસ મજાનું સ્લેબ બનાવેલ છે જેની પૂજા થાય છે એમાં વચ્ચે ત્રીસલા માતા છે એમની ચારે તરફ તકિયાઓ છે એટલે માતા શયન કરી રહ્યા છે. એમની ચારે બાજુ 14 સ્વપ્ના છે. એવું મજાનું દ્રશ્ય અહીં કંડારવામાં આવ્યું છે. આ 18મી સદીનું શિલ્પ સ્થાપત્ય છે. ડાબી તરફના ભોમિયાજી મહારાજની પ્રતિમા છે અને એની અંદર ખાસિયત એ છે કે એનું જે મુખડું છે એ ચાંદીનું બનાવેલું છે. ખુબ સરસ મજાનું શિલ્પ  છે. સામાન્ય રીતે આવી પ્રતિમાઓ આપણને જોવા મળતી નથી. આ દેરાસરની હજી એક બહુ સરસ ખાસિયત છે આ દેરાસરની ઠીક પાછળ શીખોનું પ્રખ્યાત તખત શ્રી હર મંદિર સાહેબ છે. શીખો માટે પણ આ બહુ ઈમ્પોર્ટેડ તીર્થભૂમિ છે એટલે 17મી સદીમાં એમના દસમાં ધર્મગુરુ શ્રી ગુરુ ગોવિંદસિંહ ની આ જન્મભૂમિ રહી ચૂકી છે. આ ગુરુ ગોવિંદસિંહ ની માતા મુગલ સામ્રાજ્યથી ભાગીને અહીં આવેલ હતા અને જૈનના જોહરી પરિવારે એમને આશરો આપ્યો હતો. પછી શીખો એ જૈન પાસેથી ભૂમિ ખરીદી પોતાના ગુરુ દ્વારા નું નિર્માણ કર્યું. આપણા દેરાસરમાં આપણને તક્તિઓ ચારો તરફ દેખાય ગુરુદ્વારામાં એક નિયમ છે કે ત્યાં ત્યાં કોઈ તકતી ના હોય પણ આ ગુરુદ્વારામાં એક એક્શેપશન છે અહીં જૈન સમાજ દ્વારા આ જગ્યા દાન આપવામાં આવી છે એનો એક લેખ કરવામાં આવ્યો છે. એ આશ્ચર્યની વાત છે આજે પણ આ ગુરુદ્વારા ની અંદર જે દોહા ગવાય છે એની અંદર પણ એક બે દોહા એવા છે કે જેની અંદર ઉલ્લેખ કરવામાં આવેલ છે જૈન પરિવારે આ ભૂમિદાન કરી છે અને અહીં જ ગુરુ ગોવિંદસિંહ નો જન્મ થયો હતો એટલે શિખ ધર્મ અને જૈન ધર્મ સાથે સંકળાયેલી આ ભૂમિ છે.

પ્રાચીન સ્મારકોની વાત કરીએ તો અહીં બે સ્મારક એવા છે કે ગુલઝાર બાગ સ્થિત કમલ દહ વિસ્તારમાં સ્થિત છે જૈન ધર્મ માટે બહુ જ ઈમ્પોર્ટન્ટ સ્થળ છે. એમાં પહેલા આવે છે સુદર્શન મુનિ નું સ્મારક, જેને આપણે પ્રચલિત રૂપે સુદર્શન શેઠ ના નામે જાણીએ છીએ

તેઓએ નવકાર મહામંત્ર ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને અહીં સુડીને સિંહાસન બનાવ્યું હતું એમની નગરી ચંપાપુરી હતી એમાં જે ચમત્કાર સર્જાયો ત્યારબાદ તેઓ વૈરાગી બનીને મુની પદ ધારણ કરીને, ઘણા બધા ઉપસરગો આવ્યા એમના પર અને તેઓ વિહાર કરતાં કરતાં અહીં પાટલી પુત્ર પધાર્યા અને અહીં કેવળ જ્ઞાન પામી અને મોક્ષમાં ગયા એટલે અહીં એમનું સિદ્ધક્ષેત્ર છે. એમના સ્મૃતિ રૂપે અહીં પ્રાચીન ચરણ પાદુકાઓ બિરાજમાન છે. અહીં જઈએ ત્યારે એક જ વસ્તુ કહેવાનું મન થાય છે કે અમને પણ પ્રભુ આવી અખંડ શ્રદ્ધા આપો કે એમને કેવી સરસ શ્રદ્ધા હતી નવકાર પર કે આવી આપદા વિપદાના સમય ઉપર પણ એમણે નવકાર મહામંત્રનું સ્મરણ કર્યું. આ શ્રદ્ધાના બળે અમે પણ અમેં  સંસાર સાગર તરી જઈએ એવા ભાવ અવશ્ય રાખીએ.

અહીંથી આગળ વધતા સામે એક ઊંચો પહાડ જેવો ભાગ આવે છે. એ તળાવની ઠીક બાજુમાં જ એવી માન્યતા છે કે આ જ ભૂમિ હતી જ્યાં કોશાનો મહેલ હતો. ત્યાં આ એ જ ભૂમિ છે જ્યાં સ્થુલીભદ્ર મહારાજાએ પોતાની સાધના કરી હતી. એમના પ્રાચીન ચરણ પાદુકા અહીં બિરાજમાન છે આ સ્થુલી ભદ્રજીનું સાધના સ્થળ છે. પ્રસમરતીમહારાજ સાહેબની પંક્તિ નું સ્મરણ થાય છે એમાં એમણે બહુ સરસ મજાની વાત લખી છે કે બહુ દુઃખ અને વેદનાથી લખી છે. જે સ્થળ આપણા માટે આટલું ઈમ્પોર્ટન્ટ હોય એની શું પરિસ્થિતિ બની છે એમના શબ્દો અક્ષર સહ આપણે જોઈએ તો...

પાટલીપુત્ર તીર્થ - શ્રી સુદર્શનમુનિનું સ્મારક -

ભોગવિધાના સાગરતળિયેથી યોગવિધાના અનંત આકાશમાં પહોંચનાર મહાત્મા શ્રી સ્થૂલિભદ્રનું આ સ્મારક એક દિવસ તૂટીને ટીંબો બની જશે. સરકાર એના ઉપર કબ્જો કરી લેશે. પટનાનો નાનકડોસંઘ કમ્મર કસીને એને બચાવવા મથશે. રોજબરોજ ગુરુભગવંતોના શ્રીમુખે માંગલિક શ્રવણ કરતી વખતે “મંગલ સ્થૂલભદ્રાય " સાંભળનારા ભારતના ભક્તજનો અમને તો ખબર જ નથી' કહીને બેસી રહેશે. સંસારમંગલ સચવાતું રહેશે. નવા નવા તીર્થો બનશે. યાત્રાઓ ચાલતી રહેશે. આ વિરાગતીર્થની યાદ આવશે જ નહિ. નવા તીર્થોમાં લાભ

લેવાશે. પ્રેરણાઓ અને સદુપદેશ અપાશે. તકતીઓ મૂકાશે યોજનાઓ ભરાશે. આ "કામવિજય તીર્થ" બિહારના એક ખૂણે જેમનું તેમ રહી જશે. ચોર્યાશી ચોવીશી સુધી ચાલનારી યશઃકથાની મૂળભૂમિ પરનું સ્મારક ચોર્યાશી વરસ પણ ટકી શકે તેમ નથી. કોને ધ્યાન રાખવું છે આનું ? શ્રી સ્થૂલભદ્રસ્વામી મહારાજાના એકમાત્ર તીર્થની ઘોર ઉપેક્ષા થઈ છે. આજ સુધી. શ્રી સ્થૂલભદ્રસ્વામી મહારાજના ગુણાનુવાદ કરવાનો કે સાંભળવાનો સત્તાવાર હક આપણે રાખી ન શકીએ. ગણિકા કોશાનો ઉદ્ધાર થયો કેમ કે તેણે શ્રી સ્થૂલભદ્રજીની ઉપેક્ષા કરી નહોતી. આપણે તો શ્રીસ્થૂલભદ્ર સ્વામીજી તીર્થની સરાસર ઉપેક્ષા રાખી છે. આપણો ઉદ્ધાર શી રીતે થશે?"

-પૂ. શ્રી પ્રશમરતિવિજયજી મહારાજ (દેવધિ) સાધુ તો કરતા ભલામાં આ બહુ સરસ પંક્તિઓ એમણે વેદના ભરી પંક્તિઓ લખી છે. આ તીર્થનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે ગચ્છાધિપતિ રાજશેખર સૂરીજી મહારાજા ખૂબ અથાગ પ્રયાસો કરી રહ્યા છે પણ એક સમયે એવું હતું કે આ જૈન ધર્મના એક અલગ સંપ્રદાયને ના હાથમાં વયા ગયા હતા અને કોર્ટમાં કેસ ચાલતા હતા અને ખૂબ મહેનતથી શ્વેતાંબર સંઘ પાસે આ ભૂમિ પાછી આવી. હાલત ખૂબ જ ખરાબ છે ભગવાનને પ્રાર્થના કરીએ કે વહેલી તકે આમ જીર્ણોદ્ધાર થાય. નવા જિનાલય ની અંદર ગરિમા ઉપયુક્ત ગરીમા આ તીર્થ અને પ્રાપ્ત થાય એ ભાવ સાથે આપણે આગળ દર્શન કરીશું દાદા વાડીના.

આ પાટલીપુત્ર તીર્થની અંદર એક દાદાવાડી છે જે બેગમ પુર વિસ્તારમાં સ્થિત છે અને 400 વર્ષ પ્રાચીન છે એની ખાસિયત એ છે કે જીનચંદ્રજી અને ખરતર ગચ્છનાં સાધુ ભગવંતના ચરણ પાદુકા તો છે જ પણ ખાસિયત એ છે કે અહીં એક સાધ્વીજી ભગવાનના પણ ચરણ પાદુકાઓ છે જેમને આ દાદાવાડી બનાવવાની પ્રેરણા આપી હતી.પ્રાયઃ આપણને સાધ્વીજી જી ભગવાનના ચરણ પાદુકા ક્યાં દેખાયા નથી પણ આ એક યુનિકનેસ છે અહીં આપણને એમના ચરણ પાદુકા ના દર્શન અને પૂજાનો લાભ મળે છે. અહીં એક સરસ મજાનો બગીચો છે એમાં અલગ અલગ સેક્શન બનાવેલા છે. એમાં નામો લખેલા છે આ ક્ષત્રિય તીર્થ કુંડ એની ભૂમિથી લઈને આવ્યા છે એમાં ઝાડપાન રોપ્યા છે. આ એક ખૂબ અલગ નવી વસ્તુ છે

અલગ અલગ તીર્થ સંઘની માટીઓ રાખવામાં આવી છે અને એના ઉપર વટવૃક્ષો ઉભા થયા છે.

આપણે ક્ષત્રિય તીર્થ કુંડ ની વાત કરીએ એ પહેલા આપણે ક્ષત્રિય કુંડ યાદ આવે ત્યારે પરમાત્મા મહાવીર સ્વામી ભગવંત ની યાદ આવે અને એમના ત્રણ કલ્યાણક યાદ આવે પણ સૌથી ખરાબ વસ્તુ આપણા જીન શાસનમાં જે તકલીફ આવી ગઈ છે આજે આપણા સૌથી છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી જે આપણા સૌથી નજીક છે એમની ભૂમિઓ વિવાદમાં છે. આજે અલગ અલગ સંપ્રદાયની લઈને અલગ અલગ માન્યતાઓ છે.આજે ભગવાનના બધા જ કલ્યાણક ભૂમિ વિવાદમાં છે. વિચરણ ભૂમિ કઈ છે જન્મ કલ્યાણ ભૂમિ કઈ છે એની આપણે વાત કરીશું.

શાસ્ત્ર અનુસાર આપણને નામ પડે છે કુંડપુર જ્યાં પરમાત્માનું જીવન ચવન જન્મ દીક્ષા થયા હતા શાસ્ત્રની ભાષામાં આપણે જોઈએ તો એમાં લખેલું છે કે કુંડપુર જંબુદ્વીપની મધ્યમાં ભરતક ક્ષેત્રના ઉત્તર ભાગમાં સ્થિત છે અહીં સિદ્ધાર્થ રાજા નું શાસન હતું આ નગરના બે ભાગ હતા એની પૂર્વમાં બ્રાહ્મણગામ હતું પશ્ચિમમાં ક્ષત્રિય કુંડ ગામ હતું એ કુંડપુર ની રાજધાની હતી. એની મધ્યમાં મંદિરો બગીચાઓ તળાવોની વચમાં સરસ મજાનો વિશાળ મહેલ હતો એ મહેલની પૂર્વમાં જ્ઞાતખંડવન અને પશ્ચિમમાં ઘોશાલ વન હતું. આ ભૂમિ ક્યાં હતી એની શોધ કરવા જઈએ આજે વર્તમાનમાં ત્રણ માન્યતાઓ છે કે આ ભૂમિ ક્યાં હોઈ શકે? મતભેદ છે વાસુ કુંડ નામની એક જગ્યા છે જે વૈશાલીમા સ્થીત છે. ઇતિહાસકારો અને દિગંબરોનો એક વર્ગ એક જેમની માન્યતા એ છે કે આ ભગવાનની જન્મભૂમિ હોઈ શકે પછી કુંડલપુર નામની જગ્યા છે એ નાલંદા બિહારમાં છે એ પણ દિગંબરનો એક વર્ગ માને છે કે પરમાત્માના જન્મની આ ભૂમિ છે અને એક કુંડ ઘાટ નામની જગ્યા છે એ લછવાડમા, બિહારમાં છે. શ્વેતાંબર પરંપરા અનુસાર પરમાત્માની જન્મભૂમિ આ છે. મેપમાં જોઈએ તો આ ત્રણેય ભુમીઓ બિહારમાં જ છે અને લગભગ 70 થી લઈને 150 કિલોમીટરની અંતરે એના રેડિયસની આસપાસ છે અને

બધાની અંદર કુંડ નામ છે. આ કુંડપુર નું વાસુ કુંડ પણ હોઈ શકે કુંડલપુર પણ હોઈ શકે અને કુંડ ઘાટ પણ હોઈ શકે.

હવે આ કુંડપુર ક્યાં છે તો એની આપણે  વિસ્તારથી  વાત કરીએ એના સાહિત્યિક ઉલ્લેખો આપણને કયા કયા પ્રાપ્ત થાય છે એનાથી આપણે પ્રારંભ કરીએ. સૌથી પ્રાચીન ઉલ્લેખ આપણને શ્રી આચારાંગસૂત્ર પ્રાપ્ત થાય છે એમાં વર્ણન છે કે ક્ષત્રિય કુંડ પુર શનિવેશ ખતિયા કુંડ ગામ નયન કલ્પસૂત્રમાં ક્ષત્રિય કુંડ ગામ નગર દિગંબર ગ્રંથ તિલોયપન્નતીમાં કુંડલપુર નામ છે; ધવલટીકામાં પણ કુંડલપુર નામ છે; તીર્થકલ્પ જે આચાર્ય મુની  જિનપ્રભ સૂરીશ્વરજી મહારાજે લખ્યું હતું એમાં ખત્ય કુંડ ગ્રામ નામ છે; ઉત્તરપુરાણમાં કુંડપુર નામ છે ;
ત્રિશષ્ટિશલાખા પુરુષમાં ક્ષત્રિય કુંડ નગર નામ છે;  વીર જણચર્ય માં વૈશાલી કુંડ પૂર નામ છે અને વિવિધ તીર્થ કલ્પના કુંડ ગ્રામ નામ છે. એટલે આપણને આઠ વિભિન્ન પ્રકારના નામો મળે છે.

પહેલો મત  હતો કે વાસુમાં વૈશાલીમાં પરમાત્માની જન્મભૂમિ હોઈ શકે એના ફેવરમાં કયા મત છે જોઈએ. તો સૂત્ર કૃતાંગ સૂત્રમાં આગમમાં પ્રભુનું નામ પ્રભુને એડજેક્ટિવ આપેલું છે વૈશાલી પ્રભુનું નામ વૈશાલી એટલે કે પ્રભુ વૈશાલી ના રહેવાસી હતા એવું એક ઇન્ટરપીટીશન નીકળે છે. આચારંગ સૂત્ર માં લખેલું છે કે પરમાત્માની જન્મભૂમિ વિઘેય રાજ્યમાં એટલે કે આ વૈશાલી વિઘેય રાજ્યમાં છે વિદેશ રાજ્યમાં છે કલ્પસૂત્રમાં ઉલ્લેખ છે પ્રભુએ વિઘેય રાજ્યમાં  30 વર્ષ પૂરા કરીને પછી દીક્ષા લીધી અગેઇન વૈશાલી વિદ્યા રાજ્યમાં છે. શાસ્ત્રમાં કુંડ ગ્રામ નું જે એક ઉલ્લેખ છે એમાં લખેલું છે કે ગંડકી નદી એમાંથી વહી રહી છે એ પણ વૈશાલીના સમિપમાં છે સમીપમાં છે બૌદ્ધોનો એક ગ્રંથ છે મહા બગ એમાં પણ લખેલું છે કે કુંડપુર જે છે એ
વૈશાલી નું એક પરુ છે. પુરા તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો વૈશાલી નગરમાં જ્યારે ખોદકામ થયું ત્યારે એમાં મહોર પ્રાપ્ત થઈ એમાં લખેલું છે કે વૈશાલી ગ્રામકુંડે કુંડપુરનું તે પરું હતું એનું આ એક હજી પ્રમાણ છે. વૈશાલી જિલ્લાની અંદર જ બવના પોખર નામનું એક ગામ છે એમાં ભગવાન મહાવીર સ્વામીની પાલકાલીન અદભુત પ્રાચીન પ્રતિમા પ્રાપ્ત થઈ છે અને

સંશોધકોનું એવી માન્યતા છે દીક્ષામાં છઠ કરી પછી પ્રભુ કોલા ગ્રામ પધાર્યા હતા જે સંશોધકોના હિસાબે આ વૈશાલીની સમીપ હતું કુલવા નામનું નગર છે. આ બધા જ પ્રમાણો વૈશાલીના ફેવરમાં છે પરમાણુ એટલે વૈશાલી કદાચ પ્રભુની જન્મભૂમિ હોઈ શકે સામે એના ઓપોઝિટ પોઈન્ટ જોઈએ તો પ્રભુ મહાવીર સ્વામી ભગવાને વૈશાલીમાં સાત સાત ચોમાસા કર્યા પણ એનો કોઈ પણ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી કે પ્રભુએ પોતાની જન્મભૂમિમાં એક પણ ચાતુર્માસ નથી કર્યું હા એવો ઉલ્લેખ છે કે કેવળ જ્ઞાન પછી પ્રભુએ આ ભૂમિમાં પધાર્યા છે પણ એવો કોઈ ઉલ્લેખ નથી મળતો કે પોતાની જન્મભૂમિમાં પ્રભુએ ચાતુર્માસ કર્યું હોય જ્યારે પરમાત્માએ સાત સાત ચાતુર્મમાં વૈશાલીમાં કર્યા તો એનો ઉલ્લેખ કેમ નથી મળતો કે પ્રભુની જન્મભૂમિ વૈશાલી છે.

બીજું હજી એક પ્રમાણ છે કે ત્રિશલા માતા લીચ્છવી વંશના હતા અને લીચ્છવોની રાજધાની વૈશાલી હતી એટલે એમનું પિયર વૈશાલી હતું તો એ પ્રભુનું જન્મસ્થાનક કેવી રીતે હોઈ શકે અને ઐતિહાસિક પુરાવા વૈશાલી એક પ્રજાસત્તાક રાજ્ય હતું જ્યારે કુંડપુર એક મુનાર્ક એટલે રાજા દ્વારા રાજ કરાયેલું હતું વૈશાલી ને જોઈએ તો ચેટક્ય હતા  રાજા નહોતા કુંડપુર ના રાજા એ સિદ્ધાર્થ રાજા હતા એનો સંપૂર્ણપણે ઉલ્લેખ મને મળે છે અને અજાત શત્રુએ જ્યારે વૈશાલી પર યુદ્ધ કર્યું ત્યારે અને વૈશાલી નું પતન થયું ચેટક હારી ગયા અને ત્યારે સામે આપણને ઉલ્લેખ મળે છે કે પ્રભુના ભાઈ નંદીવર્ધન તો કુંડપુરના અધિપતિ રહ્યા જ હતા તો વૈશાલી અને કુંડપુર એક ના હોઈ શકે. એક બીજું સરસ પ્રમાણ છે કે પ્રભુની ભાષા અર્ધમાગધિ હતી. વૈશાલીની આજુબાજુની ભાષા એ વજી હતી એટલે પ્રભુની જન્મભૂમિ વૈશાલી ના હોઈ શકે. અહીં જે ફોટો બતાવવામાં આવ્યો છે એ પાલકાલીન પ્રભુની પ્રતિમાનો ફોટો છે જે વૈશાલીના ભવના પોખર ગામમાંથી પ્રાપ્ત થઈ છે તેમાંની ખાસિયત એ છે કે ભગવાનના પ્રતિમાની બંને બાજુએ ઈન્દ્ર ભગવાન ચામર નથી વીજી રહ્યા પણ ઈન્દ્રાણીઓ ચામર વિંજી રહી છે જે ખૂબ જ યુનિક વાત છે.

જે લોકો પ્રભુની જન્મભૂમિ વૈશાલી ને માને છે દીક્ષાભૂમિ માને છે એમણે સરસ મજાના જીનાલય નું નિર્માણ કરાવ્યું છે એમાં પ્રભુની સરસ મજાની પ્રતિમા બેસાડી છે એના નીચે ભૂગર્ભમાં ભગવાન મહાવીર સ્વામીની રાજ્ય અવસ્થા દેખાડતી જીવંત સ્વામી ભગવાનની સરસ મજાની પ્રતિમા નું નિર્માણ કર્યું છે. પ્રભુ રાજ્ય અવસ્થામાં ખૂબ જ સરસ દેખાતા હતા બ્રોન્સમાં આ પ્રતિમા બનાવેલી છે આનો આઈડિયા ક્યાંથી આવ્યો તો એની પાછળ પણ એક સ્ટોરી છે બરોડામાં આકોટા નામની જગ્યા છે ત્યાંથી ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલ આકોટા બ્રોન્સીસ છે એમાંથી જીવંત સ્વામી ભગવાનની પાંચમી સદીની જે પ્રતિમા પ્રાપ્ત થઈ હતી એને આબેહૂબ અનુરૂપ વિશાળ બ્રોન્સની પ્રતિમા બનાવવામાં આવી છે અત્યારે જે વાસુ કુંડ નગરમાં સ્થિત છે.

વૈશાલી વિશે આપણે જાણી લીધું હવે કુંડલપુર શું એને દિગમ્બરોનો એક વર્ગ પ્રભુની જન્મભૂમિ માને છે. કુંડલપુર એ જ કુંડપુર છે એના પ્રમાણમાં જોઈએ તો દિગંબર ગ્રંથોમાં તિલોઈપન્નતી શતકખંડ આગમની ધવલટીકા બંને અનુસાર આ પ્રભુ મહાવીર સ્વામીની જન્મભૂમિ છે પણ ફરી એ જ વાત આવે છે જૈન ગ્રંથો આપણને કહે જ છે કે પ્રભુ નો જન્મ તો વિધેય પ્રદેશમાં થયું હતું અને કુંડલપુર મગધ દેશ નાલંદામાં હતું આ પાછો કોન્ટ્રાક્ટિવ પોઇન્ટ આવે છે બીજો પોઇન્ટ એકે ભગવાન મહાવીર સ્વામીએ લાલનના પાડામાં ચાતુર્માસ કર્યા અને શાસ્ત્રોમાં એવો કોઈ ઉલ્લેખ નથી કે પ્રભુએ પોતાની જન્મભૂમિમાં એક પણ ચાતુર્મસ કર્યા હોય. વૈશાલી નો જે પોઇન્ટ આવતો હતો એ સેમ પોઈન્ટ અહીં પણ આવે છે. નાલંદા માટે પણ આવે છે

હવે વર્તમાન શ્વેતાંબર  માન્યતા અનુસાર જે જન્મભૂમિ છે ચવન ભૂમિ દીક્ષા ભૂમિ છે કુંડ ઘાટ એ કુંડપુર છે કે નહીં એની વાત કરીએ. એમાં આચાર્ય આચારાંગસૂત્રમાં પ્રભુની જન્મભૂમિ ને સન્નીવેશ નામ આપ્યું હતું તો આ સંનિવેશ શું છે વિસ્તારમાં સમજાવે છે કે ટીકાકારે એનો અર્થ બતાવ્યો છે કે સન્નીવેશ એક એવી જગ્યા છે, એક એવું ગામ છે જ્યાં ઘોડાગાડી અને યાત્રીઓ વિસામો ખાવા રોકાય એટલે એક નાનકડું ગામ એક નાનકડો પ્રદેશ. તો આ કથનથી સિદ્ધ થાય છે કે કુંડપુર નાનકડું રાજ્ય હતું જેના અધિપતિ સિદ્ધાર્થ રાજા હતા આજે પણ જમઈ

પર્વત શૃંખલા ઉપર સાત સાત ગામો વિદ્યમાન છે, ફ્લેટ સરફેસ ઉપર પર્વતીય ક્ષેત્ર હોવા છતાં પણ ત્યાં સપાટ ભૂમિ છે અને એમાં સાત સાત ગામો છે જેને આ શનિવેશ શબ્દ સાર્થક કરે છે.

બીજા પ્રમાણે જોઈએ તો એ સમયની પ્રથા હતી કે લગ્ન સમયમાં લગ્ન થતા ત્યારે રાણી ન આવતી પણ એની સાથે સાથે એનું અલગ રાજ આવતું હતું સેવકો દાસો બધા સાથે આવતા સખીઓ બધી સાથે આવતી એ સમયે જ્યારે ત્રિશલા રાણી ના લગ્ન થયા હતા એ સમયે એમના જેટલા પણ સહકાર સાથી હતા એમના માટે સિદ્ધાર્થ રાજાએ એક નવું ગામ વસાવ્યું હતું માટે એક નવું નગર વસાવવામાં આવ્યું હતું. જેને આજે પણ લછવાડ નામથી ઓળખાય છે એ ચૈત્ય ક્ષત્રિય કુળની તળેટી પર છે કુંડઘાટની તળેટી ઉપર છે. દીક્ષા બાદ પ્રભુએ છઠ કર્યો  ત્યારબાદ પ્રભુ કુમારગામ અને કોલાલ  ગ્રામમાં પધાર્યા. આ લચ્છવાળની સમીપ કુમાર અને કોના ગામ છે ત્યારબાદ પ્રભુના પ્રથમ ચાતુર્માસ પહેલા 15 દિવસ મોરા સન્ની વેશમાં રહ્યા એ પણ લછવાની સંમિપ મોરા છે. મેપમાં જોઈએ તો આ બધા જ તીર્થો 10 થી 30 કિલોમીટરના રેડિયસમાં છે એટલે દીક્ષા બાદ પ્રભુની જે વિચરણભૂમિ હતી આ બહુ ફેવરેબલ પોઈન્ટ છે કે આ જ પ્રભુની જન્મભૂમિ હોઈ શકે પછી ભગવતી સૂત્ર અને ત્રિશષ્ટિસલાખા પુરુષમાં પણ વિવરણ છે કેવળ જ્ઞાન બાદ પ્રભુ ત્રણ વાર કુંડપુર પધાર્યા હતા. એમણે બ્રાહ્મણ કુંડમાં બ્રાહ્મણ માતા-પિતા ઋષભદત્ત અને દેવાનંદા ને દીક્ષા આપી હતી. ક્ષત્રિય કુંડમાં બે વાર પધારી એમના  જમાઈ જમાલી  તથા પુત્રી પ્રિયદર્શનાને દીક્ષા આપી હતી અને જ્યારે જ્યારે પ્રભુ અહીં આવ્યા ત્યારે પ્રભુના સમોસરણ આ ભૂમિ ઉપર રચાયા હતા. સ્થાનિક પ્રજા આને ચકણાણીના  નામથી ઓળખે છે. પ્રાકૃતમાં બે શબ્દોનું આપણે વિભાજન કરીએ ચક અને ણાણી ચક એટલે ધર્મ ચક્ર અને ણાણી એટલે જ્ઞાની. પ્રાચીન કાળમાં એ જ્ઞાની પુરુષ પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાને ધર્મ તીર્થની સ્થાપના કરી હતી. ધર્મ તીર્થની સ્થાપના કરી હતી એટલે આનું નામ આ ચકણાણી પડ્યું.

પુરા તાત્વિક દ્રષ્ટિએ જોઈએ તો આજે વર્તમાનમાં શ્વેતાંબર જન્મ કલ્યાણક મંદિર છે એની થોડી દુર લોન્ધાપાની નામના ગામમાં એક વિશાળ ભવનમાં આ અવશેષ પ્રાપ્ત થયું છે. એની માન્યતા એ છે કે એ જ સિદ્ધાર્થ રાજા નું મહેલ હતો તેની એકશીલા આજે પણ લચ્છવાડમાં સંગ્રહિત છે જીનાલયમાં છે કબાટ ની અંદર રાખવામાં આવી છે અને જ્યારે આપણે એને સ્પર્શ કરીએ ત્યારે એમ લાગે કે આ જ તે શીલા હશે કે જેના ઉપર પ્રભુ કદી ચાલ્યા હશે રમ્યા હશે અને ધ્યાન મગ્ન બન્યા હશે. આ કેવી અદભુત શીલા છે ત્યારે મનમાં એક એવી પંક્તિઓ યાદ આવે ‘સ્પંદનો તારા પ્રભુ વીર શક્તિથી ભરપૂર છે, શક્તિથી ભરપૂર છે’. આપણે અહી જ્યારે પણ જઈએ આ શીલાના દર્શન અને સ્પર્શ અવશ્ય કરીએ.

શ્વેતાંબર માન્યતા અનુસાર પુરાતત્વિક દ્રષ્ટિએ જોઈએ તો પરમાત્માનું જે જન્મ કલ્યાણક જીનાલય છે એની મા પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનની અદભુત પ્રાચીન પ્રતિમા બિરાજમાન હતી કે જીવિત સ્વામીના ભગવાન ના નામથી ઓળખાય છે. માન્યતા પ્રમાણે જે પ્રભુના ભાઈ નંદીવર્ધન રાજાએ ભરાવેલી હતી. સંશોધકોનું માનવું છે કે આ પ્રતિમાજી હજાર વર્ષ પ્રાચીન પાલકાલીન પ્રતિમા છે એટલે આ ખૂબ જ ઈમ્પોર્ટેડ પુરાતાત્વિક પ્રમાણ છે કે આ જ પ્રભુની જન્મભૂમિ હોઈ શકે. આના પણ ઘણા બધા કોન્સ છે કે આજ જન્મભૂમિ ના હોઈ શકે કેમકે શાસ્ત્રોમાં એવા કોઈ પણ સંદર્ભો નથી કે પ્રભુ જન્મ સ્થળ કોઈ પર્વતીય ક્ષેત્ર હોય પાછી એ જ વાત આવે છે કે જૈન ગ્રંથોમાં ભગવાનનું જન્મ સ્થળ વિધેય રાજ્યમાં જોવા મળે છે જ્યારે કુંડ ઘાટ એ અંગ પ્રદેશનો ભાગ છે અને વિધેય રાજ્યમાં તો વૈશાલી હતું એટલે ઘણી બધી માન્યતાઓ છે આપણી આપણી શ્રદ્ધાના હિસાબથી આપણે દર્શન કરવાનું રહે છે પૂજા કરવા અવશ્ય જવું જોઈએ દર્શન કરવા અવશ્ય જવું જોઈએ પણ જ્યાં જ્યાં આપણું મન સ્થિર થાય એને આપણે જન્મભૂમિ માનવી જોઈએ અહીં બધા જ પક્ષની વાત કરવામાં આવી છે.

ક્ષત્રિય કુંડની યાત્રા આગળ વધારીએ તો શ્વેતાંબર માન્યતા અનુસાર પરમાત્મા ના ત્રણ ત્રણ કલ્યાણકો થયા છે એ બિહારના જમુઈ જિલ્લા પાસે  સ્થિત છે. આ પર્વત ઉપર ત્રણ ત્રણ જિનાલાયો છે જેનિ અંદર ચ્યવન જન્મ અને દીક્ષાના કલ્યાણકો સ્મૃતિરૂપે જીનાલય છે. વર્ષો

પહેલા કલકત્તાના શેઠ શ્રી કનૈયાલાલ દ્વારા આ તીર્થનો જીર્ણોદ્ધાર થયો હતો ત્યારબાદ આણંદ જી કલ્યાણ પેઢી દ્વારા જિનાલે નિર્માણ કરવામાં આવ્યું હતું. હાલમાં ફેબ્રુઆરી 2020માં આચાર્યશ્રી  નયવર્ધન શ્રી મહારાજ દ્વારા પુનરોદ્ધાર કરવામાં આવ્યો હતો.

હાલની આપણે વાત કરીએ તો ઇતિહાસની આપણી વાત કરીએ તો 15 વર્ષ પહેલા આપણે જોઈએ તો ત્યારે પરિસ્થિતિ કંઈક જુદી હતી અને અત્યારે જુદી છે ત્યારે લછવાડથી પર્વત તરફ આગળ વધીએ ત્યારે રસ્તામાં સાત સાત ઝરણાઓ આવતા એ પાર કરીને જવું પડતું હતું. પહેલા સીડીઓ હતી એ પાર કરીને જવું પડતું હતું અને સાત સાત નદીઓ અને પ્રવાહો વચ્ચે આવતા હતા અને એક નદી આવતી હતી એક તરફ દીક્ષા કલ્યાણક નદીની એક તરફ ચ્યવન કલ્યાણક ની નાની નદી ડેરી હતી. એવું સરસ મજાનું નૈસર્ગિક વાતાવરણ વૃક્ષોની વચ્ચે તાડવૃક્ષોની વચ્ચે પસાર થઈને વચ્ચે જે માર્ગો ચાલતા હતા. નાજુક ડેરીમાં પ્રભુના ચરણ પાદુકાઓ બિરાજમાન હતા અને એમાં જ્યારે જતા ત્યારે ચારે તરફ અંધારું હતું અને માત્ર નાના દીવડાના પ્રકાશમાં પ્રભુના ચરણ પાદુકા ના દર્શન થતા અને એ સમયના કાળમાં પહોંચી જવામાં આવે અને સુંદર ભાવ મનમાં આવે માત્ર એક દીપકના પ્રકાશમાં જે દર્શન થાય એ ધ્યાન કરવાની સાધના કરવાની નવકારવાળી ગણવાનું જે આનંદ છે બહારમાં કેવી પણ ગરમી હોય ડેરીમાં જેવા પ્રવેશ કરતા ચારે તરફ ઠંડકનો અનુભવ થતો અને મનની અંદર નિરવતા શાંતિનો અદભુત અનુભવ થતો. ચાર તરફ પક્ષીઓના મધુર કલરવ હોય અને સાથે સાથે પરમાત્માનું ત્યાં સ્મરણ કરવા મળે. એવી આ સરસ મજાની ભૂમિ હતી. આજે ગતિશીલ પરિવર્તન થઈ રહ્યું છે જે જગ્યાએ કેડીઓ હતી ત્યાં આજે સપાટ રસ્તાઓ બની ગયા છે હવે ચડવાની જરૂર નથી ગાડીઓ સીધે સીધી ઉપર જઈ શકે છે અને ટોચ સુધી લઈ જાય છે. પહેલા બે ડેરીઓ હતી એની સામે વિશાળ દેરાસર નું નિર્માણ થયું છે. ભવ્ય કોતરણીયુક્ત તેની પ્રતિષ્ઠા થઈ છે અને ચરણ પાદુકાની સાથે સાથે ભગવાનની પ્રતિમાજીની પણ પ્રતિષ્ઠા થઈ છે.

હવે આપણે આવીએ વીર વિક્રમ પ્રાસાદ જે જે પરમાત્મા ની જન્મભૂમિ છે અને એના ઉપર જે નુતન  જીનાલય બન્યું છે એની આપણે વાત કરીએ એ આચાર્યશ્રી નયવર્ધન સૂરીશ્વરજી મહારાજ ના માર્ગદર્શન હેઠળ શાસ્ત્રો અનુસાર એનું નિર્માણ કરવામાં આવ્યું હતું 90,000 ઘન સફેદ મકરાણા માર્બલ વડે આનું નિર્માણ થયું છે. 39 નાની-નાની દેરીઓ ફરતે છે આ જિનાલય નું શિખર તારંગા જેવું અદભુત છે અને અંદરની કોતરણી આબુ દેલવાડા અને રાણકપુર જેવી છે. ચારે બાજુ પરવતમાળા ની વચ્ચે સરસ મજાનું દેરાસર સ્થિત છે. એની ખાસિયત અંગે જોઈએ તો 64 જટિલ કોતરણી વાળા સ્તંભો છે. એમાં 64 ઈન્દ્રો 56 કુમારીકા અને યક્ષીઓ 16 વિદ્યાદેવીઓ નવ ગ્રહો 10 અને વિવિધ વાતચીતરીઓ વાજિંત્રો સાથે યોગીનીઓ ની પ્રતિમાઓ છે. અહીં એક એવો પટ છે કે 24 તીર્થંકરોની માતાઓ અને એમના ભગવાન બનાવેલા છે એવું સરસ મજાનું શીલ્પાંકન કરવામાં આવ્યું છે. આની બે ભાગની છત છે એમાં લાગે કે અલગ આ શિલ્પ કલાની હિસાબથી બનાવેલું છે લટકતી છત લાગે આપણને આભાસ થાય કે બે માળનું દેરાસર છે એની બે અલગ અલગ જાતની છત છે અને એમાં કલ્પવૃક્ષો દેવીઓ- સરસ્વતી અંબિકા અને સિદ્ધાદાયિકા દેવી નું ચિત્રણ કરવામાં આવ્યું છે. બહુ જ નાજુક શિલ્પ કલાયુક્  આ દેરાસર છે.

આના અલગ અલગ પ્રકારના દ્વાર છે બહારના દ્વારથી આપણે પ્રવેશ કરીએ અને અંદર ગર્ભારા સુધી જઈએ ત્યાં સુધીમાં અલગ અલગ દ્વાર આવે છે ત્રિશાખા દ્વાર પંચ શાખા દ્વારા શપ્ત શાખા દ્વાર પંચમેરૂ દ્વાર જેમાં પરમાત્માના  જન્મ કલ્યાણક ઉત્સવને બતાવવામાં આવ્યો છે. સરસ્વતી દેવી અને ગજલક્ષ્મીનિ રચના દ્વારો પર કરવામાં આવી છે. આબુ દેલવાડા ની વાત કરીએ તો આપે સાસુ વહુના દેરાસરની પણ યાદ આવી જાય એની અનુકુતીરૂપ દેરીઓ અને પ્રતિમાઓ અહીં બનાવવામાં આવી છે. હવે આપણે જીવિત સ્વામી ભગવાનના દર્શન કરવા આગળ વધીએ અને દેરાસરના અંદર પ્રવેશ કરીએ ગર્ભ ગૃહમાં.

માન્યતા ના હિસાબથી પ્રભુ જ્યારે ૪૪ વર્ષના હતા એ સમયે પરમાત્માની પ્રતિમાનું આબેહૂબ નિર્માણ થયું હતું પરમાત્મા જેવા દેખાતા હતા એ સમયમાં નંદી વર્તન રાજાએ અજ્ઞાત શિલ્પી

દ્વારા હાથે આ અદભુત પ્રતિમા નું નિર્માણ કરાવ્યું હતું. 49 ઇંચ ના પરિક્રમા 24 ઇંચ ના પ્રભુ 108 લક્ષણ યુક્ત 300 કિલો કસોટી પથ્થરમાં આ અદભુત પ્રતિમાનું નિર્માણ થવા પામ્યું છે. શિલ્પ ની વાત કરીએ તો શિલ્પીએ પોતાના પ્રાણ તોડ્યા હશે આ પ્રતિમાની રચના કરવામાં પ્રભુના મુખને જોઈએ તો પાલકાલીન એટલે કે 10 મી સદીની જે શિલ્પ કળા હતી તેનું આ વિશેષ લક્ષણ છે કે પ્રભુ મુખ બનાવવામાં આવતું એ પીપળના પાનના આકારનું રહેતું એટલે બહુ શાંત સ્વભાવ ને દેખાડનારા શાંત ભાવને દર્શાવનાર એ પીપળના પાનના આકારનું પ્રભુજીનું મુખ છે. એમાં પ્રભુના જે નેત્રો છે એ સૌથી ઈમ્પોર્ટેડ હાઈલાઈટ છે. કોઈપણ જ્યારે પ્રતિમાના નેત્રો એમાં કીકી કોતરેલી નથી. પ્રભુ એકદમ ધ્યાન મગ્ન નેત્રને એકાગ્ર કરીને પોતાની અંતર આત્માના ધ્યાનમાં બન્યા છે નીશ કંપી બન્યા છે બહુ સરસ મજાનો આભાસ થાય છે કે ધનુષ્ય આકારની પ્રભુની ભમરો છે વચ્ચે પાર્ટીક છે એના વિચાર આવે કે ભાલ તિલક છે જેમાં વિચાર આવે કે એ તીર જેવું છે ભાલમાં અને એ તીર મોક્ષનું સૂચન કરે છે કમળની પાંખડી જેવા સરસ નાજુક કોમળ પ્રભુના હોઠ છે. હજી વિશેષ આ શિલ્પકલાને જાણીએ તો જટાયુક્ત કેસનું ઉપનિષ્ઠ છે આવું પ્રાયઃ બૌદ્ધ પ્રતિમા માં જોવા મળે. પર્વતના શિખર સમાન છે, પ્રભુના કેસ ખૂબ જ મુલાયમ ગાઢ ચમકીલા કાળા અને ઘુંઘરાળા છે ભગવાનના કુંડળ કાનો એકદમ નીચે સુધી છે આટલા મોટા કાન તો પરમાત્મા ના હોય નહીં તો કેમ. આ રીતે રાજ્ય અવસ્થામાં પ્રભુજી કુંડળ પહેરતા હતા એના કારણે કાન આટલા લોંગ થઈ ગયા વિસ્તારેલા કુંડલ છે મોતીની છીપ જેવા કુંડળ બનાવેલા છે. પોપટની ચાંચ સમી પ્રભુની નાસિકા છે કંઠના ભાગમાં ત્રણ લેયર આપણને મળે છે આ ત્રણ લેયર શંખના અગ્ર ભાગ જેવા છે. પરમાત્માનું વક્ષ સ્થળ સિંહ ની છાતી કે ગાયના મુખ જેવું છે. આંગડીઓ વટાણા જેવી છે. ૧૦૮ લક્ષણયુક્ત એવી આ દિવ્ય પ્રતિમા છે. હાથ પગમાં લક્ષણ પવિત્ર ચિહ્નોના દર્શન થાય છે એના પરિકરમાં જઈએ તો એક જ પાષણમાં પ્રતિમા અને પરીકર કંડારીત છે પરમાત્મા ની બંને બાજુ ચામરધારી દેવો છે. ખૂબ જ પ્રસન્ન મુદ્રામાં આ દેવો છે એમને જાણે પ્રભુની સેવા કરવાનો અભૂપૂર્વ આનંદ અનુભવ કરી રહ્યા છે. પરમાત્મા ના મસ્તક ઉપર ત્રણ ભવ્ય ચક્ર છે. તેની આજુબાજુ પુષ્પમાળા લઈને આવતા દેવો કંડારેલા છે. અહીં પરિકરમાં પ્રભુનો સંપૂર્ણ પરિવાર અંકિત થયેલો છે. ડાબી તરફના હાથી પર પિતાશ્રી

સિદ્ધાર્થ રાજા અને ભ્રાતાનંદી વર્ધન છે એમના હાથમાં કળશ છે અને એ પરમાત્માનું અભિષેક કરવા આવી રહ્યા છે. જમણી બાજુએ શયન કરતાં માતા ત્રીસલા અને તેની સેવામાં બેન સુદર્શનાછે. નીચે પબાસણમાં જમણી ડાબી બાજુએ રાણી યશોદા અને કુમારી પ્રિયદર્શના દેખાય છે. શિલ્પકારે કેટલું અદભુત વિચાર્યું હશે કે એમણે પ્રતિમાના માં પુરા પરિવારનું શિલ્પંકન કર્યું હશે.

ઇતિહાસકારો આને કેમ પાલકાલીન પ્રતિમા કહે છે એની વાત કરીએ તો માન્યતા તો એ છે કે નંદીવર્ધન રાજાએ આ પ્રતિમા ભરાવી છે તો કેમ આને હજાર વર્ષ પ્રાચીન કહે છે એના અલગ અલગ કારણો છે. સૌથી પહેલા કે પરમાત્માના જે પબાસણ છે એની નીચે કમલાસન છે એની નીચે એક જ છે પ્રસાદ દેવી કહો કે તલવાર ધારની દેવી છે એ કમલાસનની નીચે એ નૃત્ય મુદ્રામાં દેખાય છે. એના પગ તળે હાથીના મુખવાળો કોઈ પરાજિત દુરાત્મા છે એટલે એક એવી માન્યતા છે કે એ જે એ આ હાથીનો મુખ કેમ છે કે આપણું આપણા અહંકાર નો મડ ઉતારવા માટે આવી જે પ્રસાદ કે દેવદેવીઓની શિલ્પ કળા જે હતી એ બધી ગુપ્તકાળથી શરૂ થઈ હતી. એ પહેલાની પ્રતિમાઓમાં આ ન હતું.  પ્રતિમાના પણ પરમાત્મા ના લાંછન પણ પાંચમી સદી પછી આવ્યા હતા. આ પ્રતિમામા એક લાછંન પણ છે. અહીં સિંહનું લાંછન પણ છે અને આ પાલકાળમાં જે શિલ્પ કળાઓ પ્રખ્યાત હતી એનું પણ અહીં અનુરૂપ કરવામાં આવ્યું છે. આ બધાના કારણે ઇતિહાસકારો એવું માને છે કે આ પાલક કાલીન પ્રતિમા છે પણ આપણી શ્રદ્ધા એવી છે કે પ્રભુના ભાઈ નંદી વર્ધન રાજા દ્વારા નિર્મિત આ પ્રતિમા છે.

કનૈયાલાલ વૈધ જે કલકત્તામાં રહેતા શુશ્રાવક હતા. તેઓ મૂળ બિકાનેર ના વતની હતા પણ તેઓ પ્રભુના પરમ ભક્ત હતા એમને પ્રભુની પ્રતિકૃતિ બનાવવાની ખુબ ભાવના હતી. એમણે ઓરિસ્સા બંગાળ ખજૂરાહો કુણાર્ક જયપુર અને સાઉથ ના કારીગરોને બોલાવી બોલાવીને જીવિત સ્વામી પ્રભુના મોડલ તૈયાર કરાવ્યા તેઓ મોડેલ બનાવતા રહ્યા પણ એકેયમાં એમને સંતોષ થયો નહીં એટલે એમણે જયપુરના કારીગરોને બોલાવ્યા. એમના મનમાં રહી હતી કે એવું પ્રતિમા કંડારી દેશે તેઓ જ્યારે પૂજાના કપડામાં ગર્ભગૃહમાં અંદર લઈ ગયા ત્યારે કહ્યું

કે પ્રભુને આ પ્રતિમા છે એને તમે આબેહૂબ પ્રતિકૃતિ રચો તેઓએ જે વાત કરી એના શબ્દો જોઇએ તો

"શેઠજી! હમસે યહ કામ નહી હો પાયેગા! ઐસી મૂર્તિ બનાના કોઈ આસાન કામ નહીં હૈ. હમ યહ કામ નહી કર સકેંગે ક્યોંકી યહ મૂર્તિ આદમી સે નહીં દેવ સે બની હુઈ હૈ. આદમી ક્યા ખાક કામ કરેગા? આપ ભી અબ યહ લગન છોડ દીજીયે કુછ નહિ હો પાયેગા." ત્યારે શેઠજી કહે છે કે મને તો ગમે એમ કરીને આ પ્રતિમા બનાવવી છે કોઈપણ ઉપાય બતાવો ત્યારે એક શિલ્પી કહે છે કે "શેઠજી! એક રાસ્તા હૈ, ઐસા હો સકતા હૈ કી યહી મૂર્તિ કે ઉપર મોંમ લગાકે ડાઇ નિકાલો, ઉસ ડાઇસે મોડલ બનવાઓ ઓર ઉસી ડાઈમેં પંચધાતુકા રસ ડાલ કર પંચધાતુકી મૂર્તિ બનાઓ તો ઠીક વૈસાહી રૂપ આ સકતા હૈ, ઔર ઉસકે અલાવા ઔર કોઈ રાસ્તા નહીં હૈ".

આ આઈડિયા કનૈયાલાલ ને બહુ ગમ્યું એમણે ફોરેનથી પ્યોર મીણ મંગાવ્યું એના દ્વારા તૈયાર કર્યું અને તૈયાર થયા બાદ તેઓ નેપાળ ગયા અને ત્યાં એ સમયમાં બુદ્ધ પ્રતિમાઓ બનતી હતી તેના ઉપર પંચધાતુના રસ ઢાળીને કેવી રીતે પ્રતિમાઓ બનતી હતી એનો એક ખાસ્સો આઈડિયા લીધો અને તેના શિલ્પીઓને કોન્ટ્રાક્ટ આપ્યો અને ફ્લાઇટ પકડીને કલકત્તા એરપોર્ટ પર પહોંચ્યા કે એમને હાર્ટ અટેક આવ્યો અને ત્યાં એ મૃત્યુ પામ્યા એમનું સપનું અધૂરું અને અધૂરું રહી ગયું અને આ પ્રતિમાનું નિર્માણ ફરીથી થયું નહીં આજે પણ તે મોડલ ધુળ ખાતા પડ્યા છે. આજે પણ કોઈ શિલ્પીમાં એવી ક્ષમતા નથી બની કલા મોડલ બનાવી શકે.

દસ-બાર વર્ષમાં આ પ્રતિમાજી સાથે ખૂબ છેડછાડ થયા છે. શાસનની અદભુત ધરોહર છે પણ ત્યાંના જે વહીવટદારો છે એમના દ્વારા કેટલી બધી ભૂલ થઈ રહી છે આ પ્રતિમા માટે સંરક્ષિત કરવા માટે. 1980 પછી ચક્ષુઓ પ્રતિમામાં લગાડવાની શરૂઆત થઈ ત્યારબાદ અલગ અલગ પ્રકારના ચક્ષુઓ બન્યા. 2012 ના ફોટામાં પ્રભુ નોર્મલ છે એના પછીની પ્રતિમા માં પ્રભુના ભ્રમરો ને લાલ રંગ કરવામાં આવ્યો છે. 2020 ના ફોટામાં જોઈએ તો પ્રભુનું ભ્રમર આખું ખંડિત થઈ ગયું છે. આવી પ્રાચીન પ્રતિમાઓ સાથે કેવું થઈ રહ્યું છે કેવું કરી રહ્યા છીએ

પ્રભુની જે નાશિકાની આપણે વાત કરી હતી કે જે પોપટ જેવી છે એનો ખૂબ જ ખરાબ લેપ અહીં કરવામાં આવ્યો છે નવી રીતશર થી આખી નાસિકા બનવામાં આવી છે. એનું મૂળ રૂપ જ ફેરવી નાખવામાં આવ્યો છે. એની સાથે આ છેડછડ કરવામાં આવી છે પ્રભુને જે ચક્ષુ લગાડવામાં આવ્યા છે એનો પણ ભાગ ખંડિત થયું છે, બધાને પણ ઘણું નુકસાન થયું છે. લેપ દ્વારા આખી જટા ભુસાઈ ગઈ છે. 2012 માં કોઈ પ્રોબ્લેમ નહોતો અને પણ 2020 માં ખૂબ જ ક્ષતિ થઈ છે. ચામરધારી ઈન્દ્રો ઉપર પણ ચક્ષુ ચોંટાડી દેવામાં આવ્યા છે. આપણી ધરોહર સાથે આ બહુ મોટો ખીલવાડ છે.

પ્રતિકૃતિ બનાવવાના અનેક અનેક પ્રયાસો થયા છે. ઘણા લોકોએ પ્રતિમાજી બનાવવાના પ્રયાસો કર્યા છે આ આટલી અદભુત પ્રતિમા છે કે બધાને મન થાય અમને પણ આવી જીવિત સ્વામીની પ્રતિમા બનાવવી છે. હવે તળેટી ઉપર આવીએ તો લછવાડ તીર્થમા 170 વર્ષ પૂર્વે મુર્શિદાબાદના બાબુઓ દ્વારા નિર્મિત એક આ દેરાસર છે. કલકત્તાના શેઠ કનૈયાલાલભાઈ દ્વારા આનો જીર્ણોદ્ધાર થયો હતો. આજ જીનાલયના શિખરમાં 108 નાના શિખરો કોતરાયા છે. અહીં મૂળ નાયક શ્રી વીર પ્રભુની ભૂરા રંગની પ્રતિમા જાજરમાન સિંહાસનમાં બિરાજમાન છે
.
આપણે કાકદી તીર્થ તરફ આગળ જઈએ. અહીં સુવિધીનાથ ભગવાનના ચાર કલ્યાણકો થયા છે. આ તીર્થ ક્ષત્રિય કુન્ડથી એકદમ નજીક છે. જમુઈ જિલ્લાના કાકણ ગામમાં સ્થિત છે. જેનો રસ્તો ઉપર ખાબડ બહુ ખરાબ છે. સુવિધિનાથ પરમાત્મા ના ચારે ચાર કલ્યાણકો થયા છે. આ નગરની બહાર પ્રભુ મહાવીરનું સમવસરણ રચાયું હતું અને ધના અણગારની આ જન્મભૂમિ રહી ચૂકી છે. આ ભૂમિની યાત્રાએ જોઈએ તો આપણે આધુનિકતાથી ખૂબ જ દૂર રહી જઈએ છીએ પણ પ્રભુથી ઘણા નજીક રહી જઈએ છીએ થઈ જઈએ છીએ.

પ્રાચીન કાળમાં અહીં એક ગોખલામાં શ્રી સુવિધિનાથ પ્રભુના પ્રાચીન ચરણ પાદુકા તથા સરપોના સિંહાસનમાં બિરાજમાન શ્રી પાશ્વનાથ પ્રભુની 600 વર્ષ જૂની પ્રતિમા હતી. કોઈ સ્થાપત્ય અહીં નહોતું કનૈયાલાલ વૈદ્ય દ્વારા આજના લઈને જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો

પૂજ્ય આચાર્ય  ભુવન ભાનુ મહારાજના હાથે પ્રભુની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી અંજન સલાકા થઈ અને ત્યારબાદ આચાર્ય મુક્તિ પ્રભુ સુરીશ્વરજી મહારાજ દ્વારા  ફરીથી જીર્ણોદ્ધાર થયો .આનો જે પ્રાચીન ગોખલો હતો એને એમ જ રાખીને નુતન જિનાલયનું નિર્માણ કરવામાં આવ્યું આ તીર્થમાં મૂળનાથ ભગવાનની મૂળ ભગવાનની પ્રતિમા પાસે એક. તરફ વાસુપૂજ્ય સ્વામી અને એક તરફ સુમતિનાથ ભગવાન બીરાજમાન છે. અહીં ભવ્યાતિ ભવ્ય રંગ મંડપનો ઘુમ્મટ જોઈ શકાય છે એવું સરસ મજાનું ગોત્રણ કામ પણ અહીં કરવામાં આવ્યું છે. સરપોના સિંહાસન ઉપર પાશ્વનાથ ભગવાનની સરસ મજાની શામવરણીય પ્રતિમા અહીં બિરાજમાન છે એ સાથે સુવિધિનાથ  ભગવાન શ્યામ અને શ્વેત વર્ણની ચરણ પાદુકાના પણ અહીં દર્શન થાય છે. કલ્યાણકોની સ્મૃતિ કરાવતી ચારે ચરણ પાદુકાઓ અહીં બિરાજમાન છે નૈસર્ગિક રીતે ખૂબ જ સુંદર શિલ્પ સ્થાપત્ય સાથેનું આ દેરાસર છે. લાલ પથ્થરમાં બનેલું આ દેરાસર છે. નૈસર્ગિક વાતાવરણ અહીંનું ખૂબ જ સુંદર છે સનસેટ અને સનરાઈઝ માણવાનું અલગ જ આનંદ છે. ઈલેક્ટ્રીસીટી હજી ત્યાં પહોંચી નથી. ભોજન શાળા પણ નથી એટલે ઘણાનું મન થાય નહીં કે ત્યાં જઈએ રહેવાની વ્યવસ્થા પણ નથી પણ આ જગ્યાએ એક રાત પણ જો રોકાઈ જઈએ તો બીજા દિવસ સવારનો જે અનુભવ છે એ ખૂબ જ આહલાદક હશે.. થોડીક પંક્તિઓ આ તીર્થ વિશેની.,

શ્રી કાકુંદી તીર્થ

ઇલેક્ટ્રિસિટી, સુખ સુવિધા અને ઘોંઘાટથી દૂર નીરવ શાંતિ અહીં મળી શકે.

ટમટમતા તારા તથા ચંદ્રમાની શીતળ છાયામાં, સુવાનું સુખ અહીં મળી શકે

પક્ષીઓના મધુર કલરવમાં સૂર્યોદય નિહાળવાનો આનંદ અહીં મળી શકે.

તાલવૃક્ષો વચ્ચેથી આથમતા સૂર્યને જોવાની આલ્હાદકતા અહીં મળી શકે,

ગ્રામવાસીઓ તથા નાના ભૂલકાઓનું નિર્દોષ હાસ્ય અહીં જોવા મળી શકે,

બીજે ક્યાંય તો ખબર નહીં પણ કાકંદીમાં 'પ્રભુજી' ચોક્કસ મળી શકે !"

આવા અદભુત તીર્થની યાત્રા કરવા આપણે અવશ્ય જવું જોઈએ.

********************************************************************